ગાંધીનગર સમાચાર

દિવસે અસહ્ય બફારો રાત્રે ઠંડકનો અહેસાસ

# “જીભનો અડાડો તાળવે ભણ્યા વગર નહિ પાલવે...”

## પેથાપુરના નિકુલને તાળવાનું સફળ ઓપરેશન બાદ વાણી ફૂટતાં સર્વ શિક્ષા અભિયાનના રિસોર્સ સેન્ટરમાં આનંદ ભયો

(પ્રકાશ જહા) ગાંધીનગર, તા. ૧૩

પડકાર અને પરિશ્રમના મિલનથી અદ્દભુત સફળતા પ્રાપ્ત થતી હોય છે. આ સોશ્યલ મિડિયા પર વાંચેલુ વાક્ય નથી પણ વાસ્તવિક સાકાર થતી ઘટના છે.





ગાંધીનગર શહેરથી પાંચ કિ.મી.ના અંતરે આવેલ પેથાપુર ગામના સુરેલા પરામાં રહેતા રાવલ નીકુલ બળદેવભાઈની વાત છે. અંદાજે ૧૪ વર્ષની આયુ ધરાવતો આ બાળક પર તાજેતરમાં સર્વ શિક્ષા અભિયાનમાં દિવ્યાંગ બાળકોના સંકલિત શિક્ષણ યોજના અંતર્ગત સફળ શસ્ત્રક્રિયા બાદ તેને વાણી મળી છે.



વાત નિકુલની કરીએ તો અન્ડરવેઈટ જન્મજાત આ બાળક ગુંગળુ બોલતો. શાળાએ મુક્યો ભણવામાં નબળો જરૂર પણ તે જે કંઈ બોલે તેની શિક્ષકને પણ સમજ પડે નહિ અને નો ડિટેક્શન અંતર્ગત ૮મા ધોરણ સુધી તે પહોંચી ગયો.

સાતમા ધોરણમાં ભણતો હતો ત્યારે રિસોર્સ ટીચર વસુબેન બી. જોષીના ધ્યાને આ વાત આવી હતી. તેમણે બાળકને ઓળખ્યો તેના માત-પિતાને મળ્યા. એક વર્ષ સુધીની અથાક મહેનત પછી બાળકને માટે શસ્ત્રક્રિયા જરૂરી છે તેમ સમજાવવામાં સફળતા મેળવી.

વસુબેન અને જિલ્લા કોર્ડીનેટર પ્રતિમાબેન જાદવ, બી.આર.સી. રાજુભાઈ, આઈડી યુનિટની ટીમે આ પડકારને ઉપાડી લીધો. મા-બાપને સમજાવવાની સફળતા બાદ અમદાવાદ પોલિયો ફાઉન્ડેશનમાં બાળકનું મેપીંગ કરાયું. ખબર પડી કે તાળવુ નથી અને તાળવુ નથી એટલે તે બોલી શકતો નથી.

ટીમે સંતુ રંગીલી ફિલ્મનું ગીત યાદ રાખ્યુ અને નક્કી કર્યુ ‘જીભને અડાડો તાળવે ભણ્યા વગર નહિ પાલવે...’ બસ પછી તો ડૉક્ટરો સાથે બેઠકો ને સિલસિલો એજ બેઠકને અંતે નીકુલના તાળવાનું ઓપરેશન કરી પ્લાસ્ટીક સર્જરી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

આ ૩ાા કલાકના સફળ ઓપરેશનને ડૉ. ઋત્વીક પરીખ અને ડૉ. રાજેન્દ્ર શાહની ટીમે અંજામ આપ્યો. ઓગષ્ટ માસ એટલે ક્રાન્તિનો મહિનો કહેવાય સમગ્ર

● અનુસંધાન પાન-૭ પર

# હવે શહેરમાં રખડતા ઢોર જોવા નહીં મળે

## કોર્પોરેશને માસ્ટર પ્લાન તૈયાર કર્યો : રખડતા ઢોરને પકડી ઢોરવાડામાં કેદ કરાશે : ઢોર માલિકો પાસેથી દંડ વસુલી કરાશે : આમ નાગરિકો અને મહીલાઓ રખડતા ઢોરના શિંગડે નહીં ચઢે : કોર્પોરેશનની સ્ટેન્ડીંગ સમિતિની બેઠકમાં નિર્ણય લેવાયો : ૧૬ ઓક્ટોબરથી રખડતા ઢોરને ડબ્બામાં પુરી દેવાશે

ગાંધીનગર તા ૧૩

શહેરમાં રખડતા ઢોરની સમસ્યા જટીલ બની છે. છેલ્લા ઘણાં સમયથી રખડતા ઢોરની સમસ્યાથી નગરનુ જનજીવન પ્રભાવિત થયુ છે. ત્યારે લાંબા સમયના અંતે કોર્પોરેશન દ્વારા રખડતા ઢોરને પકડવા માટે માસ્ટર પ્લાન તૈયાર કરી દેવાયો છે. આગામી તા ૧૬ ઓકટોબરથી કોર્પોરેશનનુ તંત્ર રખડતા ઢોરને પકડી ઢોર ડબ્બામાં કેદ કરશે. જયારે ઢોર માલિક પાસેથી દંડ પણ વસુલવામાં આવશે. રખડતા ઢોર માટે સે-૩૦ પાસે સ્થિત ડમ્પીંગ સાઈટ નજીક હંગામી ધોરણે ઢોર ડબ્બો પણ શરૂ કરી દેવાશે.



ગાંધીનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠક આજે મળી હતી. સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન મનુભાઈ પેટલ તેમજ મહાનગરપાલિકાના કમિશ્નર ડી એમ મોદીની હાજરીમાં મળેલી આ બેઠક દરમિયાન શહેરમાં રખડતા ઢોરની સમસ્યા સંદર્ભે મહત્વનો નિર્ણય લેવાયો હતો.રખડતા ઢોરને પકડી ઢોર ડબ્બામાં કેદ કરવાના નિર્ણયને મંજુરી આપવામાં આવી હતી. જયારે રખડતા ઢોર બદલ ઢોર માલિકો પાસેથી દંડ વસુલવાની રકમ

● અનુસંધાન પાન-૭ પર

### રખડતા ઢોર માટે દંડ,ખોરાકી તેમજ વહીવટી ચાર્જની વિગત

| ઢોર | દંડ રૂ | ખોરાકી ચાર્જ | વહીવટી ચાર્જ |
|---|---|---|---|
| હાથી | ૫૦૦૦ | ૨૦૦ | ૫૦૦ |
| ઉંટ | ૧૫૦૦ | ૨૦૦ | ૫૦૦ |
| ગાય, ભેંસ, બળદ, આખલા | ૧૦૦૦ | ૨૦૦ | ૫૦૦ |
| ઘોડા | ૧૦૦૦ | ૨૦૦ | ૫૦૦ |
| ઘેંટા બકરા | ૩૦૦ | ૧૫૦ | ૨૫૦ |
| ગધેડા | ૫૦૦ | ૧૫૦ | ૨૫૦ |
| વાછરડા | ૫૦૦ | ૧૫૦ | ૨૫૦ |
| ડુક્કર | ૫૦૦ | ૧૫૦ | ૨૫૦ |

# ગુડાના એમઆઈજી મકાનો માટે ૧૭મીએ નાયબ મુખ્યમંત્રીના હસ્તે ડ્રો

## કુડાસણમાં એમ આઇ જી આવાસ યોજના અન્વયે ૪૮૦ મકાનોનો તૈયાર કરાશે : લાભાર્થીઓની ૧૮૦૦ મંજુર અરજીઓ અન્વયે ડ્રોની કાર્યવાહી હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૩

ગુડા દ્વારા કુડાસણમાં એમ આઈ જી આવાસ યોજના તૈયાર કરવામાં આવનાર છે. જયારે આ આવાસ યોજના અન્વયે ગુડા દ્વારા આગામી તા ૧૭ ઓકટોબરના રોજ સવારે ૧૦ કલાકે સિવિલ હોસ્પિટલના ઓડીટોરીયમમાં ડ્રો કરવામાં આવશે. એમ આઈ જી આવાસ યોજના અન્વયે ગુડા દ્વારા ૪૮૦ મકાનો બાંધવામાં આવશે. નાયબ મુખ્યમંત્રીના હસ્તે ડ્રો કરવામાં આવશે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા એમ આઈ જી આવાસ યોજના અન્વયે કુડાસણમાં આવાસ યોજના તૈયાર કરવામાં આવનાર છે. જયારે આ મામલે અગાઉ લાભાર્થીઓએ ગુડાને પોતાની અરજી સુપ્રત કરી હતી. એમ આઈ જી આવાસ

● અનુસંધાન પાન-૭ પર

# પક્ષાંતર ધારાના કેસમાં મેયરે જવાબ રજૂ ન કરતાં ૨૦મીની મુદત પડી

## સતત બીજા મેયર સામે પક્ષાંતર ધારાની ફરિયાદથી કોંગ્રેસના નેતાઓની મીટ પણ કાનુની લડત તરફ મંડરાઈ

ગાંધીનગર તા ૧૩

પક્ષાંતર ધારાના કેસ સંદર્ભે આજે મેયરે જવાબ રજુ કર્યો નથી. નામનિર્દિષ્ઠ અધિકારીની કાર્ટે આ કેસ અંગે ૨૦ ઓકટોબરની મુદત્ત પડી છે. મહાનગરપાલિકાના મેયર સામે કોંગ્રેસ દ્વારા પક્ષાંતરધારા અન્વયે કાર્યવાહી હાથ ધરવા માટે અરજી કરી હતી. નામનિર્દિષ્ઠ અધિકારીની કોર્ટ દ્વારા જવાબ આપવા માટે મેયરને નોટીસ ઈસ્યુ કરવામાં આવી હતી. જેની આજે મુદત હતી. પરંતુ મેયર કક્ષાએથી જવાબ રજુ ન થતા આગામી તા ૨૦ મી ના રોજ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

● અનુસંધાન પાન-૭ પર

# દિવસે અસહ્ય બફારો રાત્રે ઠંડકનો અહેસાસ

## નવરાત્રી પુર્ણ થતાં જ વાતાવરણમાં પરિવર્તન આવવા માંડ્યું : લઘુત્તમ તાપમાન ધીમે ધીમે ઘટતુ જાય છે



ગાંધીનગર, તા. ૧૩

નવરાત્રી બાદ ઋતુ પરિવર્તનનો ગાળો પસાર થઈ રહ્યો છે. દિવસે અસહ્ય ગરમી અને રાત્રે ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે. મહત્તમ તાપમાન ધીમે ધીમે ઘટી રહ્યુ છે.

છેલ્લા એક અઠવાડિયાથી શહેરમાં તાપમાનમાં ફેરફાર થઈ રહ્યો છે. વરસાદ બંધ થયા બાદ દિવસ દરમ્યાન બફારો વધી રહ્યો છે. બહાર નીકળોતો પરસેવે રેબઝેબ થઈ જવાય છે. તડકો પણ આકરો લાગે છે. જોકે સાંજ પડતા જ વાતાવરણમાં ઠંડક થવા લાગે છે. દિવસની અકળાવનારી ગરમીનું સ્થાન ખુશનુમા વાતાવરણ લઈ લે છે. સાંજ ખુબ જ આહલાદબની જાય છે. રાત્રે તો ઠંડકનો અહેસાસ થવા લાગે છે. રાત્રે આઠ-નવ વાગ્યા બાદ ઘરેથી નીકળો તો કંઈક ઓઢવુ પડશે તેવુ લાગ્યા કરે છે. નવરાત્રી બાદ શરૂ થયેલા આ ઋતુ પરિવર્તનના ગાળામાં લઘુત્તમ તાપમાન ધીમે ધીમે ઘટી રહ્યુ છે. આજે લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી રહ્યુ હતુ.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

દિપાવલીના તહેવારો માટે ફ્રેશ ડ્રાયફ્રુટ-ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક
અરિહંત ડ્રાયફ્રુટ્સ
સંપર્ક : હેમાંગ ગાંધી (ફોન : ૯૩૭૭૭ ૨૩૧૬૪)
૪૦૩, સહજાનંદ કોમ્પલેક્ષ(બેઝમેન્ટ), સે.-૩૦ ચાર રસ્તા, ગાંધીનગર

માથાની વિગમાં
૨૦% વળતર
દરેક સ્ટાઈલમાં લેડીઝ, જેન્ટસ હેર વિગ મળશે.
લેડીઝ-જેન્ટસ હેર વિવિંગ-હેર બોડીંગ કરી આપીશું.
મોનોપોલ હેર આર્ટ
૪૭, અજન્ટા કોમ. સેન્ટર, ઈન્કમટેક્ષ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ. M. 9374041661

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com